BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

**પરીપત્ર**

વિષય : નવા સોફ્ટવેર અંગે માહીતગાર કરવા તેમજ ટ્રેનીંગ આપવા બાબત.

ઉપરોક્ત વિષયે અત્રેની યુનિવર્સિટી ભવનના વડાઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓને, માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ થી એડ્મિશનથી માંડીને તમામ પ્રકારની ઓનલાઇન કામગીરી માટે એક નવો સોફ્ટવેર વિકસાવવામાં આવેલ છે. આ સોફ્ટવેરથી કોલેજના આચાર્યશ્રીઓ તથા કર્મચારીગણ/ક્લાર્ક કે જે રોજબરોજ આ સોફટવેરના સંપર્કમાં આવે છે તેવા કર્મચારીઓને આ સોફટવેરની તબક્કાવાર કાર્યપ્રણાલીથી માહિતગાર કરવા તેમજ વિદ્યાર્થીઓના વિષયની પસંદગી કેવી રીતે કરવી અને વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કેવી રીતે કરવી તે અંગે તેઓને ટ્રેનીંગ આપવા, અત્રેની યુનિવર્સિટી ખાતે એક ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે જેની સર્વે સંબંધિતોએ ખાસ નોંધ લેવી.

જે કોલેજો દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ માં નવા સોફ્ટવેરમાં યુ.જી./પી.જી./એલએલ.બી./એલએલ.એમ./બી.એડ./એમ.એડ. સેમ.-૧ માં એનરોલમેન્ટ કરેલ છે માત્ર તે કોલેજો માટે આ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરેલ છે.

| મુદ્દા નંબર | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧. | ટ્રેનીંગની તારીખ, સમય અને સ્થળ | કોમ્પ્યુટર લેબ, પહેલો માળ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ખડીયા (જૂનાગઢ) તા.૧૨ અને ૧૩ ડીસેમ્બર, ૨૦૨૨, સવારે ૧૦:30 વાગ્યે હાજર રહેવાનું રહેશે. |
| ૨. | ટ્રેનીંગ માટે કોને આવવાનું રહેશે. | વધુમાં વધુ બે(૨) કર્મચારી/અધ્યાપક, કે જેઓ કોલેજમાં ચાલતા વિષયોથી માહિતગાર હોય અને પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સાથે સંકળાયેલ હોય. |
| ૩. | ટ્રેનીંગમાં સાથે લાવવાના થતા ડોક્યુમેન્ટ | 1. કોલેજનો લેટરપેડ, જેમાં કોલેજના પ્રતિનિધી તરીકે આવનાર કર્મચારીની વિગત<br>2. કોલેજ તરફથી જો વિદ્યાર્થીઓને રોલ નંબર ફાળવવામાં આવેલ હોય, તો તેની યાદી<br>3. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ નંબર અને Student ID નું લીસ્ટ<br>4. યુનિ. દ્વારા માન્યતા આપવામાં આવેલ કોર્ષ મુજબ વિષયોની યાદી<br>5. યુ.જી./પી.જી./એલએલ.બી./એલએલ.એમ./બી.એડ./એમ.એડ. સેમ.-૧ માં વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફોર્મ<br>6. જે કોલેજ લેપટોપની સુવિધા ધરાવતી હોય, તે કોલેજોના કર્મચારીઓએ લેપટોપ સાથે લઇ આવવા નમ્ર અપીલ. |

નીચે જણાવેલ તારીખ અને સમય મુજબ કર્મચારીઓએ આવવાનું રહેશે.

| તા.૧૨/૧૨/૨૦૨૨ ને સોમવાર | તા.૧૩/૧૨/૨૦૨૨ ને મંગળવાર |
|---|---|
| ગીર સોમનાથ તેમજ પોરબંદર જીલ્લાની તમામ કોલેજો | જૂનાગઢ તેમજ દ્વારકા જીલ્લાની તમામ કોલેજો |

|| तमसो मा ज्योतिर्गमय ||

ડૉ.ડી.એચ. સુખડીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૭૧/૨૦૨૨, તા. ૦૭/૧૨/૨૦૨૨

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩

પ્રતિ,

યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના :-

(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)

(૨) સીસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અર્થે)